આપણું પોતાનું અખબાર

સારા સમયની એકે
નિશાની રહીં નહીં...
આવ્યો સમય બુરો તો
‘અહંકાર’ પણ ગયો
- ભીખુભાઇ ચાવડા

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૯) અંક નં. ૧૬૬ | ૨૮ ઓગસ્ટ, ૨૦૧૪, ગુરૂવાર; ભાદરવા સુદ - ૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


## NEWS બિટ્સ

**● મોદી સાથે અંબાણી-અદાણી જાપાન જશે**

વડાપ્રધાન નરેન્દ્ર મોદી શનિવારે જાપાનની ઐતિહાસિક યાત્રા પર રવાના થઈ રહ્યા છે. મોદી પ્રથમ વખત ઉદ્યોગ ક્ષેત્રે અગ્રણી સ્થાન ધરાવનાર જાપાનની યાત્રાએ જઈ રહ્યા છે. જેથી તેમની સાથે મોટી સંખ્યામાં દેશના ઉદ્યોગપતિઓ જાપાનની યાત્રાએ જઈ રહ્યા છે. મોદી સાથે જનારા પ્રતિનિધિમંડળમાં અંબાણી-અદાણીનો પણ સમાવેશ થાય છે.

**● ‘૨૪’ સિરિયલની બીજી સિરિઝ ટુંક સમયમાં**

અમેરિકન સિરિયલ ‘૨૪’ની ભારતીય આવૃત્તિમાં અનિલકપુર એન્ટિ ટેરરિસ્ટ યુનિટના ચીફ જયસિંહ રાઠોડનું પાત્ર ભજવી રહ્યો હતો. હાલમાં તેની બીજી સિરિઝનું શુટીંગ ચાલી રહ્યું છે. જ્યારે અનિલ કપુરે કહ્યું હતુ કે ટુંક સમયમાં નવી સિરિઝ ટેલીકાસ્ટ થશે.

**● ઈન્કમટેક્સના કર્મચારીઓ ઓફિસે મોડા આવશે તો દંડાશે**

કરદાતાઓનું કામ ટલ્લે ચડાવી લંચ અવર્સમાં પણ કલાકોનો બ્રેક લેતા ઈન્કમટેક્સ અધિકારીઓને હવે કડક સજા કરવાનો આદેશ સેન્ટ્રલ બોર્ડ ઓફ ડિરેક્ટર ટેકસીસે આપ્યો છે. આ ઉપરાંત સીબીડીટીએ દેશના તમામ પ્રિન્સિપાલ ઓફ કમિશનરને લેખિતમાં ઓફિસમાં સ્વચ્છતા અને શિસ્ત જાળવવા પગલાં ભરવા આદેશ કર્યો છે.

# ગાંધીનગર હોસ્પિટલની ક્ષમતા વધારાશે

## વધુ ૧૨૦ પથારીઓની વ્યવસ્થા કરવાની કવાયત આરંભાઈ : ૪૫૦ પથારીની ક્ષમતા થશે

ગાંધીનગર, તા.૨૭

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ડિસેમ્બર-૧૪ સુધીમાં પથારીની ક્ષમતામાં વધારો કરીને ૪૫૦ પથારીની સુવિધા કરવામાં આવશે. ૧૨૦ જેટલી પથારીઓનો વિક્રમજનક વધારો આગામી ત્રણ માસમાં કરવામાં આવશે.

ગાંધીનગર સિવિલ હોસ્પિટલને ગાંધીનગર મેડીકલ કૉલેજ સાથે સંલગ્ન કરવામાં આવતા આ કૉલેજમાં હવે ચોથા વર્ગના અભ્યાસક્રમની મંજૂરી મેળવવાની થાય છે. જેને ધ્યાને રાખી હાલની પથારીની ક્ષમતામાં વધારો કરવાનો મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે.

મળતી વિગતો પ્રમાણે સર્જરી, ગાયનેક અને મેડીસીન જેવા વિભાગોની આ ક્ષમતામાં વધારો કરવાનું વિચારાયું છે. જોકે આ ઉપરાંત આઈ.સી.સી.યુ.ની પથારીમાં પણ વધારો કરવામાં આવી શકે એમ છે.

હોસ્પિટલના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે હાલ જે ઓ.પી.ડી.માં દર્દીઓ નોંધાઈ રહ્યા છે અને ઈન્ડોર પેશન્ટોની જે સંખ્યા છે તેને ધ્યાને લઈ કઈ શાખામાં કેટલી પથારીઓ વધારવી તે અંગેનો નિર્ણય લેવામાં આવશે.

ગાંધીનગર સિવિલ હોસ્પિટલની સેવાઓના સઘનીકરણ માટે તાજેતરમાં જ રોગી કલ્યાણ સમિતિની બેઠકમાં પણ નિર્ણય લેવામાં આવ્યો હતો. નવા વૉર્ડ બનાવવા સહિતની કામગીરી માટે હાલ આયોજન ચાલી રહ્યું છે અને તે અંગેની કામગીરી ૧૦ સપ્ટેમ્બર બાદ વેગેલી બનશે.

હોસ્પિટલના સત્તાવાર સાધનોએ જણાવ્યું છે કે, ગાંધીનગર હોસ્પિટલ હવે જિલ્લા કક્ષાની હોસ્પિટલ ઉપરાંત મેડીકલ કૉલેજ સંલગ્ન હોસ્પિટલ છે અને ભવિષ્યમાં એક હજાર જેટલી પથારીની સુવિધાઓ ઉપલબ્ધ બને તે રીતે આયોજન કરાયું છે. પથારીની સુવિધામાં ક્રમશઃ વધારો કરવામાં આવશે. બે વર્ષમાં જ આ સંખ્યા ૭૦૦નો આંક પાર કરી શકે છે તેવા સ્પષ્ટ સંકેત આ સૂત્રોએ આપ્યા છે.





(તસવીર : દિપક જાની)

બોલ મારી અંબે... - ભાદરવા સુદ એકમથી પૂનમ સુધી અંબાજીના તમામ માર્ગો પર ‘બોલ મારી અંબે, જય જય અંબે’નો જયનાદ ગુંજતો થાય છે... પ્રથમ દિવસે જ ગુજરાતનો પ્રસિદ્ધ પદયાત્રા સંઘ ‘લાલ દંડાવાળા’ સંઘના પદયાત્રિકો ગાંધીનગરના માર્ગો પરથી પસાર થયા હતા. એકમની સાંજે આરંભાતી આ યાત્રા પાંચસો વર્ષની પરંપરાથી ભાવિકો અંબાજી પગપાળા જાય છે... અંબાજીના મંદિરે સૌથી પહેલી ધજા આ સંઘની ચડે છે... શિસ્ત અને સંસ્કારથી છલકાતો ‘લાલ દંડાવાળો’ સંઘ ગુજરાતના આધ્યાત્મિક ક્ષેત્રે ખૂબ આદરપૂર્વકનું નામ બન્યું છે.

# આજે વજુભાઈ વિધાનસભાના અધ્યક્ષપદેથી રાજીનામુ આપશે

ગાંધીનગર, તા.૨૭

રાજ્ય વિધાનસભાના અધ્યક્ષ શ્રી વજુભાઈ વાળા આજે તેમના હોદ્દા પરથી રાજીનામુ આપશે અને વિધાનસભાના ઉપાધ્યક્ષ શ્રી મંગુભાઈ પટેલ વિધાનસભાના કાર્યકારી અધ્યક્ષ બનશે.

કર્ણાટકના પદનામિત રાજયપાલ તરીકે શ્રી વજુભાઈ વાળાની નિયુકિત થતાં તેઓ અધ્યક્ષ તરીકે તેમના ગૃહના સભ્ય તરીકે તેમનું રાજીનામું આજે આપશે.

દરમિયાન આજે ગુજરાત વિધાનસભાના સમિતિ ખંડમાં તેમના વિદાય માટેના એક સમારોહનું આયોજન કરાયું છે. સવારે ૧૧ વાગે



યોજાયેલા આ સમારોહમાં રાજયના મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલ, વિપક્ષના નેતા શ્રી શંકરસિંહ વોલા તથા ધારાસભ્યો અને રાજય મંત્રીમંડળના સભ્યો ઉપસ્થિત રહેનાર છે.

ગુજરાતના સક્રિય રાજકારણમાંથી લાંબા સમય બાદ કોઈ રાજકીય નેતાની પસંદગી રાજયપાલ તરીકે થઈ છે. શ્રી વાળા તેમના નવા હોદ્દાનો ચાર્જ પણ આગામી સપ્તાહમાં સંભાળશે તેમ જાણવા મળેલ છે.

શ્રી વજુભાઈ વાળા ગુજરાત પ્રદેશ ભાજપના સૌથી સિનીયર સભ્ય છે. તેઓએ પ્રદેશ પ્રમુખ નાણામંત્રી સહીતની જવાબદારીઓ સંભાળી છે. નાણામંત્રી તરીકે સૌથી વધુ અંદાજપત્રો રજુ કરવાનો વિક્રમ તેમના નામે છે.

સાલસતા અને રમુજી સ્વભાવ એ તેમના વ્યકિતત્વની આગવી ઓળખ છે. લોકસાહિત્યના અચ્છા જાણકાર પણ છે. મેઘાણી, ગુણવંતરાય આચાર્ય સહિતના જાણીતા સાહિત્યકારોના અનેક પુસ્તકો તેમણે વાંચ્યા છે.

# વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટમાં સાત રાષ્ટ્રોને ભાગીદાર બનવાનું ઈજન

## મુખ્યમંત્રીએ દિલ્હીમાં વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ-૨૦૧૫ની પૂર્વભૂમિકા, અન્ય સંબંધિત માહિતી રજૂ કરી

ગાંધીનગર, તા.૨૭

ગુજરાતના મુખ્યમંત્રી આનંદીબેન પટેલે આગામી તા. ૧૧ થી ૧૩ જાન્યુઆરી ૨૦૧૫ દરમિયાન ગાંધીનગરમાં મહાત્મા મંદિર ખાતે યોજાનારી સાતમી વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ-૨૦૧૫માં વિદેશી રાજદૂતો, અગ્રણી ઉદ્યોગ સંચાલકો તથા પુંજીનિવેશકો અને ભારતના અન્ય રાજ્યોને ભાગ લેવા માટે ભાવભર્યું આમંત્રણ પાઠવ્યું છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે ઉદઘાટીત થનારી આ સમિટની પૂર્વભૂમિકા-વિશેષતાઓ સાથે કર્ટન રેઝર મુખ્યમંત્રીએ આજે નવી દિલ્હીમાં દેશ-વિદેશના અગ્રણી ઉદ્યોગ સંચાલકો, અન્ય રાષ્ટ્રોના રાજદૂતો તથા ભારતના અન્ય રાજ્યોના ઉદ્યોગ સંચાલકો સમક્ષ પ્રસ્તુત કર્યું હતું. મુખ્યમંત્રીએ વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટની આ સાતમી શ્રૃંખલામાં સાત રાષ્ટ્રો ઓસ્ટ્રેલિયા, કેનેડા, ગ્રેટબ્રિટન, નેધરલેન્ડ, જપાન, સિંગાપોર અને સાઉથ આફ્રિકા સહભાગી બનશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો. આ સમિટમાં સહભાગી થનારા રાષ્ટ્રો સાથે નવીનીકરણ, સાતત્યતા, યુવા અને કૌશલ્ય વિકાસ અને મહિલા

● અનુસંધાન પાન-૭ પર


બેંક ઓફ ઇન્ડિયા સંબંધોની મૂડી

ગાંધીનગર ઝોન પ્રસ્તુત કરે છે...

BOI ★ હોમ લોન @ 10.20 %

BOI ★ પ્રોપર્ટીની સામે લોન @ 11.70 %

વધુ વિગત માટે નજીકની શાખાનો સંપર્ક કરો અથવા Call : 95865 87412 (079) 23244819 Email: rbc.gandhinagar@bankofindia.co.in



## હાર્દિક અભિનંદન



આપની અરવલ્લી જીલ્લાના બ્યુરોચીફ જીતેન્દ્રભાઈ પટેલને એક વર્ષ પૂર્ણ થતાં અમો આનંદની લાગણી અનુભવીએ છીએ અને હાર્દિક અભિનંદન પાઠવીએ છીએ....

શુભેચ્છક

**નિલેષ જોષી** (ડીરેક્ટર, જમીન વિકાસ બેંક)

**નિતિન પંડ્યા** (કોર્પોરેટર, ન.પા. મોડાસા)

**ડો. સંતોષ દેવકર** (શિક્ષણ તજજ્ઞ)

**જય અમીન** (પત્રકાર, મોડાસા, ગાંધીનગર સમાચાર)



## राष्ट्रीय बाल भवन

(मा.सं.वि.मंत्रालय, भारत सरकार)
द्वारा संस्थापित

### राष्ट्रीय बालश्री सम्मान योजना

जिसके अन्तर्गत 9 से 16 वर्ष (1 अप्रैल 2014 तक) की आयुवर्ग के अत्यधिक सृजनशील बच्चों का चार क्षेत्रों में चयन किया जाता है।

सृजनात्मक प्रदर्शन कला
सृजनात्मक कला
सृजनात्मक वैज्ञानिक नवीकरण
सृजनात्मक लेखन

पंजीकरण की अंतिम तिथि 8-9-2014 है। अधिक जानकारी के लिये संपर्क करे
रविवार, तथा राजपत्रित अवकाश को छोडकर अन्य किसी भी दिन सम्पर्क करे अपने साथ 3 नवीनतम पासपोर्ट साईज फोटो तथा सदस्यता एवं पंजीकरण हेतु अपने विद्यालय द्वारा प्रमाणित आयु प्रमाण पत्र लाये।

हिनाबहन वाघेला (कन्वीनर)
बा.श्री वी.अेन. सोलंकी (मोगर) बालभवन
दत्त मंदिर के पीछे, सेकटर 28, गांधीनगर - 382028
दुरभाष : (079) 23210477, 232100545
मोबाईल : 9909011297
E mail : shipimage@gmail.com



## સરકારી નોકરી અપાવવામાં TCCI EDUCATION PVT. LTD. No.1

છેલ્લા 21 વર્ષનો ફાળો : 7892 વિદ્યાર્થીઓ સાથે સફળતાની ટકાવારી 91%

26.01.1994 થી 30-7-2014 સુધીમાં TCCI EDUCATION PVT. LTD. 8673 વિદ્યાર્થીઓમાંથી 7892 વિદ્યાર્થીઓએ વિવિધ ક્ષેત્રોમાં મેળવેલ સફળતા !

### સફળતાની બેલેન્સ શીટ (છેલ્લા 21 વર્ષની સરેરાશ)

વર્ષ 1994 થી 2014 સુધીમાં સફળ થયેલ ઉમેદવાર સફળતાનું વર્ષ અને સફળતાની ટકાવારી નીચે મુજબ છે.

| વર્ષ | સફળ વિદ્યાર્થીઓ | સફળતાની ટકાવારી | વર્ષ | સફળ વિદ્યાર્થીઓ | સફળતાની ટકાવારી | વર્ષ | સફળ વિદ્યાર્થીઓ | સફળતાની ટકાવારી |
|---|---|---|---|---|---|---|---|---|
| 1994 | 356 | 87% | 2001 | 290 | 96% | 2008 | 397 | 94% |
| 1995 | 507 | 96% | 2002 | 145 | 83% | 2009 | 414 | 88% |
| 1996 | 495 | 90% | 2003 | 163 | 94% | 2010 | 359 | 92% |
| 1997 | 616 | 91% | 2004 | 206 | 97% | 2011 | 455 | 96% |
| 1998 | 412 | 86% | 2005 | 184 | 79% | 2012 | 593 | 94% |
| 1999 | 415 | 84% | 2006 | 415 | 98% | 2013 | 652 | 93% |
| 2000 | 230 | 92% | 2007 | 414 | 82% | 2014 | 174 | 94% |

### વિવિધ ક્ષેત્રની પરીક્ષાઓમાં સફળતા પ્રાપ્ત ઉમેદવારોની સંખ્યા

◆ બેંક કલાર્ક (વર્ગ-3) – 1170 ◆ ગુજરાત સરકાર : કલાર્ક (વર્ગ-3) – 1960 ◆ RTO – 23
◆ તલાટી/રેવન્યુ તલાટી (વર્ગ-3) – 640 ◆ RFO/ACF (P/M) વર્ગ-1/2 – 29 ◆ હાઈકોર્ટ કલાર્ક – 114
◆ DySP / DC / SO / મામલતદાર / TDO / DR વર્ગ-1/2 – 243 ◆ હાઈકોર્ટ - Dy SO – 19
◆ એકાઉન્ટન્ટ ◆ વેચાણવેરા અધિકારી (વર્ગ-2/3) – 96 ◆ કોન્સ્ટેબલ – 360 ◆ જેલ સિપાહી – 40
◆ Dy SO / નાયબ મામલતદાર / ચીફ ઓફીસર / વેચાણવેરા નીરીક્ષક (વર્ગ-3) 262 ◆ TET – 194
◆ TAT – 246 ◆ HTAT – 24 ◆ PSI – 92 તથા કેન્દ્ર સરકાર, રાજ્ય સરકારની અન્ય જગ્યાઓ – 2380

**સફળ થયેલ વિવિધ કેટેગરીના ઉમેદવારો**

| કેટેગરી | ટકાવારી |
|---|---|
| જનરલ (Open) | 85% |
| OBC | 94% |
| S.C. (અનુ.સૂચિત જાતિ) | 81% |
| S.T. (અનુ.સૂચિત જન જાતિ) | 98% |
| PH / અન્ય શારિરીક ખોડખાંપણ (Ex. Service) | 93% |

**ગુજરાતના વિવિધ વિસ્તારના સફળ ઉમેદવારો અને સફળતાની ટકાવારી**

| પ્રદેશ | સફળ ઉમેદવાર | ટકાવારી |
|---|---|---|
| ઉત્તર ગુજરાત (6 જિલ્લા) | 2709 | 98% |
| મધ્ય ગુજરાત (8 જિલ્લા) | 2452 | 96% |
| દક્ષિણ ગુજરાત (7 જિલ્લા) | 1603 | 90% |
| સૌરાષ્ટ્ર (11 જિલ્લા) | 1112 | 89% |
| કચ્છ | 16 | 82% |

**વિવિધ વર્ગ-1/2/3 માં સફળતા પ્રાપ્ત ઉમેદવારોની ટકાવારી**

| વર્ગ | | ટકાવારી |
|---|---|---|
| 1 | Dy. SP / DC / DR / ACF | 97% |
| 2 | STO / TDO / SO / DR મામલતદાર / RTO / RFO | 82% |
| 3 | તલાટી/કલાર્ક/બેન્ક કલાર્ક રેવન્યુ તલાટી/કોન્સ્ટેબલ/જેલ સિપાહી/ વે.વેરા નીરીક્ષક/ચીફ ઓફીસર વગેરે | 94% |

**21 વર્ષથી TCCI EDUCATION PVT. LTD. ની સફળતાનું રહસ્ય !**

● પરીક્ષાલક્ષી / પરીણામલક્ષી શિક્ષણ
● અનુભવી પ્રાધ્યપકોની એક જ ટીમદ્વારા શિક્ષણ
● અદ્યતન સાહિત્ય - મુદ્દાલક્ષી શિક્ષણ
● કોર્ષના અંતે ટેસ્ટ દ્વારા સફળ પરીક્ષણ
● નિયમિતતા / શિસ્ત પર વિશેષભાર
● મર્યાદિત સંખ્યા દ્વારા પ્રત્યેક વિદ્યાર્થી પર સીધી જ દેખરેખ
● પરીક્ષા સુધીનું શિક્ષણ
● વ્યાજબી ‘ફી’ સાથે ભેદભાવ વગરનું શિક્ષણ

TCCI EDUCATION PVT. LTD. ISO 9001-2008 સર્ટીફાઈડ કંપની બની છે... તો આવો આપ પણ ભવિષ્યમાં આવી સંસ્થામાં જોડાઈને સફળતાના ભાગીદાર બની શકો છો !

**ગાંધીનગર 9537614606** પ્લોટ 328/2, પ્રથમ માળ, ઘ-2 થી ચ-2ની વચ્ચે, દેના ગુજરાત ગ્રામીણ બેંક પાસે, સેકટર-7/A. સંપર્ક : સોમ થી શનિ (સવારના 9.30 થી 5.30 સુધી)

**મહેસાણા 9537614607** પ્રથમ માળ, ચિરાગ પ્લાઝા, આર્યન વર્લ્ડ વાઇડની બાજુમાં, માનવ આશ્રમ ચોકડી, વિસનગર રોડ. સંપર્ક : સોમ થી શનિ (સવારના 10.00 થી 4.30 સુધી)

બિન સચિવાલય કલાર્ક 2444 જગ્યાઓ | રેવન્યુ તલાટી 1300+ જગ્યાઓ

15000+ જગ્યાઓ થી વધુ વર્ગ-3ની જગ્યાઓની વર્ષ-2014માં ભરતી